| GJPM050009742024 | રજુ તારીખ : ૧૦–૭–૨૦૨૪<br>દાખલ તારીખ : ૧૦–૭–૨૦૨૪<br>ફેંસલ તારીખ : ૨૦–૪–૨૦૨૬<br>**સમય ગાળો : ૧ વર્ષ– ૯ મહીના – ૧૪ દીવસ** |
|---|---|

# એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમા, મુ.શહેરા
## રેગ્યુલર દિવાની કેસ નં. ૨૨/૨૦૨૪

**આંક :–૫૬**

**વાદીઓ.**
**ગુજરનાર માનસિંગ નરસિંગભાઈ બારીઆના વારસો**
**(૧).** અભેસિંહ માનસિંહ ચૌહાણ ઉ.વ.૧૦૦
ઘંધો ખેતી, રહેવાસી ચૌહાણ ફળીયુ, વાઘજીપુર તા.શહેરા જિ.પંચમહાલ
**(૨). ગુજરનાર મગનભાઈ માનસિંગના વારસો**
**(૨/૧)** રણઘીરસિંહ મગનભાઈ ચૌહાણ ઉ.વ.૭૪ ઘંધો – નિવૃતિ /ખેતી
રહેવાસી. –”–
**(૨/૨)** તખતસિંહ મગનભાઈ ચૌહાણ ઉ.વ.૭૪ ઘંધો – ખેતી
રહેવાસી. –”–
**(૨/૩). ગુજરનાર સમરસિંહ મગનભાઈના વારસો**
**(૨/૩/૧) મહેન્દ્રકુમાર સમરસિંહ ચૌહાણ** ઉ.વ.૬૮ ઘંધો – નિવૃતિ/ખેતી
રહેવાસી. –”–
**(૨/૩/૨) નરેન્દ્રકુમાર સમરસિંહ ચૌહાણ** ઉ.વ.૬૫ ઘંધો – નિવૃતિ/ખેતી
રહેવાસી. –”–
**(૨/૩/૩) કમુબેન સમરસિંહ ચૌહાણ** ઉ.વ.૬૦ ઘંધો – નિવૃતિ/ખેતી
રહેવાસી. –”–
**(૨/૩/૪) રાજેન્દ્રકુમાર સમરસિંહ ચૌહાણ** ઉ.વ.૫૮ ઘંધો – નિવૃતિ/ખેતી
રહેવાસી. –”–
**(૨/૩/૫) જિતેન્દ્રકુમાર સમરસિંહ ચૌહાણ** ઉ.વ.૫૭ ઘંધો – નોકરી
રહેવાસી. –”–
**(૨/૩/૬) ગુજરનાર દીલીપભાઈ સમરસિંહના વારસો**
**(૨/૬/૧) સુનિતાબેન તે દીલીપભાઈની વિઘવા** ઉ.વ.૬૦ ઘંધો – “–
**રહેવાસી. –”–**
**(૨/૬/૨) રીનાબેન દીલીપભાઈની દિકરી** ઉ.વ.૪૦ ઘંધો – “–

**રહેવાસી. –"–**
**(૨/૬/૩) અલ્પેશભાઈ દીલીપભાઈની દિકરી** ઉ.વ.૩૮ ધંધો – "–
રહેવાસી. –"–
**(૩). ગુજરનાર સરદારસિંહ માનસિંહના વારસો**
**(૩/૧) ઠાકોર સરદારસિંહ ચૌહાણ** ઉ.વ.૮૩ ધંધો નિવૃતિ / ખેતી ધંધો રહેવાસી –"–
**(૩/૧) વિક્રમસિંહ સરદારસિંહ ચૌહાણ ઉ.વ.૮૦ ધંધો  ખેતી ધંધો રહેવાસી –"–**
**(૩/૩). ગુજરનાર પ્રતાપસિંહ સરદારસિંહના વારસો**
**(૩/૩/૧) કુન્દનબાળા પ્રતાપસિંહ ચૌહાણ** ઉ.વ.૮૩ ધંધો નિવૃતિ / ખેતી ધંધો
રહેવાસી –"–
**(૩/૩/૨) ગુજરનાર પ્રદીપસિંહ પ્રતાપસિંહ ના વારસો**

| | **નામ** | **ઉ.વ.** | **ધંધો/ વ્યવસાય** | **રહેવાસી** |
|---|---|---|---|---|
| ૩/૩/૨/૧ | સુર્યાબેન તે પ્રદીપસિંહની વિધવા | ૫૬ | ખેતી | –"– |
| ૩/૩/૨/૨ | ચેતનકુમાર પ્રદીપસિંહ ચૌહાણ | ૩૮ | નોકરી | |
| (૩/૩/૩) | ગુજરનાર રણવીરસિંહ પ્રતાપસિંહના વારસો | | | |
| ૩/૩/૩/૧ | રમીલાબેન તે રણવિરસિંહની પત્ની | ૫૮ | ખેતી | –"– |
| ૩/૩/૩/૨ | દિવ્યાબેન રણવિરસિંહ ચૌહાણ | ૩૨ | ખેતી | –"– |
| ૩/૩/૩/૩ | કોમલબેન રણવિરસિંહ ચૌહાણ | ૩૦ | –"– | –"– |
| ૩/૩/૩/૪ | દેવીકાબેન રણવિરસિંહ ચૌહાણ | ૨૮ | –"– | –"– |
| ૩/૩/૩/૫ | હર્ષકુમાર રણવિરસિંહ ચૌહાણ | ૨૫ | –"– | –"– |
| ૩/૩/૩/૬ | રોશનકુમાર રણવિરસિંહ ચૌહાણ | ૩૦ | –"– | –"– |
| ૪ | ગુજરનાર દલાભાઈ માનસિંગના વારસો | | | |
| ૪/૧ | વિજયસિંહ દલાભાઈ ચૌહાણ | ૬૯ | –"– | –"– |
| ૪/૨ | ગુજરનાર સામંતસિંહ દલાભાઈના વારસો | | | |
| ૪/૨/૧ | કમળાબેન તે સામંતસિંહની વિધવા | ૭૪ | –"– | –"– |
| ૪/૨/૨ | મહીપાલસિંહ સામંતસિંહ ચૌહાણ | ૪૦ | –"– | –"– |
| ૪/૨/૩ | શીતલબેન સામંતસિંહ ચૌહાણ | ૩૮ | –"– | –"– |
| ૪/૩ | ગુજરનાર જુવાનસિંહ દલાભાઈ વારસો | | | |

| | | | | |
|---|---|---|---|---|
| ૪/૩/૧ | અર્જુનસિંહ જુવાનસિંહ ચૌહાણ | ૭૫ | –"– | –"– |
| ૪/૩/૨ | પ્રફુલચંદ્ર જુવાનસિંહ ચૌહાણ | ૫૦ | –"– | –"– |
| ૪/૩/૩ | દીગ્વીજયસિંહ જુવાનસિંહ ચૌહાણ | ૫૬ | –"– | –"– |

## //વિરુઘ્ધ//

**પ્રતિવાદીઓ.**

| | **નામ** | **ઉ.વ.** | **ધંધો/ વ્યવસાય** | **રહેવાસી** |
|---|---|---|---|---|
| ૧ | ઈન્દુબેન રામજીભાઈ બારીઆ | ૭૪ | ઘરકામ | બખ્ખર, તા.ગોધરા જિ.પંચમહાલ |
| ૨ | ઠાકોરભાઈ રામજીભાઈ બારીઆ | ૭૨ | ખેતી | બખ્ખર, તા.ગોધરા જિ.પંચમહાલ |
| ૩ | જશીબેન રામજીભાઈ બારીઆ | ૬૪ | ઘરકામ | –"– |
| ૪ | રેવાબેન ચંદનભાઈ બારીઆ | ૬૪ | –"– | –"– |
| ૫ | સુકલીબેન નાગરભાઈ બારીઆ | ૬૦ | –"– | –"– |
| ૬ | હસમુખભાઈ રામજીભાઈ બારીઆ | ૫૮ | –"– | –"– |
| ૭ | દીલીપભાઈ નાગરભાઈ બારીઆ | ૫૪ | –"– | –"– |
| ૮ | હંસાબેન ચંદનભાઈ બારીઆ | ૪૫ | –"– | –"– |
| ૯ | સંગીતાબેન ચંદનભાઈ બારીઆ | ૫૪ | –"– | –"– |
| ૧૦ | મનુબેન નાગરભાઈ બારીઆ | ૪૨ | –"– | –"– |
| ૧૧ | દીનેશભાઈ ચંદનભાઈ બારીઆ | ૩૮ | ખેતી | –"– |
| ૧૨ | હરીભાઈ ચંદનભાઈ બારીઆ | ૩૪ | –"– | –"– |

**પ્રતિનિધીત્વ**

---------------------------------------------------

વાદીઓ તરફે વિ. વ. શ્રી.એ.સી.બારીઆ

પ્રતિવાદીઓ તરફે વિ. વ. શ્રી. એલ.એસ.પરમાર

---------------------------------------------------

**દાવો રૂા.૧૦૦૦/– ના આંકથી ડેક્લેરેશન તથા જાથુના મનાઈ હુકમની દાદ માટેનો.**

# – :: ચુ કા દો :: –

**૧. દાવાની સંક્ષિપ્તમા હકીકત :–** મોજે વાઘજીપુર ગામના સરવે નં.૨૨૦ પૈકી ૨૨૦/૧ વાળી જમીન વાદીઓના વડીલોના ભાગે આવેલ અને સરવે નં.૨૨૦/૨ વાળી જમીન પ્રતિવાદીઓના વડીલોના ભાગે આવેલ. વાદીઓના કથન પ્રમાણે સરવે નં.૨૨૦/૨ વાળી જમીન તેઓ તેમના પૂર્વજોના સમયથી ખેડતા આવેલ છે અને પ્રતિવાદીઓએ આ દાવાવાળી જમીન રેવન્યુ રાહે પોતાના નામે ચઢાવવા ખોટા દસ્તાવેજ ઉભા કરેલ છે માટે પ્રતિવાદીઓ વિરૂધ્ધ આ દાવો છે.

**૨.** આ દાવાનુ પ્રતિવાદીઓને સમન્સ બજી જતા આંક.૧૧ થી પ્રતિવાદીઓએ દાવા જવાબ રજુ કરેલ છે તેમા વાદીના દાવાની હકીકતોને વિરોધ કરેલ છે અને પોતે દાવાવાળી જમીનના કાયદેસરના વસિયતથી કબજા ભોગવટામા આવેલ છે તેવુ જણાવે છે.

**૩.** વાદીઓએ આ દાવાના કામે નીચે પ્રમાણે દસ્તાવેજી અને મૌખિક પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા:–** આંક.૧૬ થી વાદી મહેન્દ્ર સમરસિંહ ચૌહાણએ સોગંદ પર જુબાની આપેલ છે.

**દસ્તાવેજી પુરાવા:–** આંક.૧૮ થી વાદીઓના પેઢીનામાની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આંક.૧૯ થી સરવે નં.૨૨૦/૧ ની ૭/૧૨ ના ઉતારાની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આંક.૨૦ થી સરવે નં.૨૨૦/૨ ના સને ૧૯૪૮–૪૯ થી ૨૦૦૩–૦૪ સુધીના પાણીપત્રકની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આંક.૨૧ થી વાઘજીપુર ગામના સરવે નં.૨૨૦/૨ ના સને ૨૦૨૧ થી ૨૦૨૩ સુધીના ૭/૧૨ ના પાણી પત્રકની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આંક.૨૨ થી ગંગાબેન પુનાભાઈ ના મરણના પ્રમાણપત્રની નકલ રજુ કરેલ છે. આંક.૨૩ થી નોંધ નં.૩૯૯૦ ની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આંક.૨૪ થી

નોંધ નં.૪૧૧૨ ની પ્રમાણીત નકલ રજુ કરેલ છે. આંક.૫૨ થી વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ શહેરા પોલીસને આપેલ ફરીયાદની રીસીવ્ડ કોપી રજુ કરેલ છે. આંક.૫૩ થી વાદીએ પ્રતિવાદીઓ વિરૂધ્ધ શહેરા કોર્ટમા આપેલ ફરીયાદની રીસીવ્ડ કોપી રજુ કરેલ છે. આંક.૫૫ થી ક્લોસિંગ પુરશીશ આપેલ છે.

**૪.** પ્રતિવાદીઓએ આ દાવાના કામે નીચે પ્રમાણે દસ્તાવેજી અને મૌખિક પુરાવા રજુ કરેલ છે.

**મૌખિક પુરાવા:–**પ્રતિવાદી નં.૬ એ સોગંદ પર જુબાની આપેલ છે.

**દસ્તાવેજી પુરાવા:–** આંક.૩૩ થી રે.સ.નં.૨૨૦/૨ વાળી જમીનના ૭/૧૨ રજુ કરેલ છે. આંક.૩૪ થી આ જમીનના ૮– અ રજુ કરેલ છે. આંક.૪૪ થી ક્લોસિંગ પુરશીશ રજુ કરેલ છે.

**૫.** ત્યાર બાદ આ કામ દલીલો પર મુલત્વી રાખવામા આવેલ જેમા બન્ને પક્ષની મૌખિક દલીલો સાંભળવામા આવેલ છે.

**૬.** આંક.૧૨ થી નીચે પ્રમાણે તકરારી મુદ્દા ઘડવામા આવેલ છે.જેના જવાબ કારણો સહીત નીચે પ્રમાણે છે.

૧. શું વાદીઓ સાબિત કરે છે દાવાવાળી જમીન વાદીઓની માલીકીની આવેલ છે? જવાબ – નકારમાં

૨. શું વાદીઓ સાબિત કરે છે કે દાવાવાળી જમીન વાદીઓના ખુલ્લા પ્રત્યક્ષ કબજા ભોગવટામા આવેલી છે?જવાબ – નકારમાં

૩. શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે તે દાવાવાળી જમીનમા તેમનો હક હીસ્સો પોષાય છે? જવાબ – હકારમાં

૪. શું વાદીઓ સાબિત કરે છે કે તે દાવા અરજીમા માગેલ દાદ મેળવવા હકદાર છે? જવાબ – નકારમાં

૫. શું હુકમ અને શું હુકમનામુ?

# ૦૦૦ કારણો ૦૦૦

**૧. શું વાદીઓ સાબિત કરે છે કે દાવાવાળી જમીન વાદીઓની માલીકીની આવેલ છે?**
**૨. શું વાદીઓ સાબિત કરે છે કે દાવાવાળી જમીન વાદીઓના ખુલ્લા અને પ્રત્યક્ષ કબજા ભોગવટામા આવેલી છે?**

-----------------------------------------------------------

અહી મોજે વાઘજીપુર ગામની સરવે નંબર ૨૨૦/૨ વાળી જમીન દાવાવાળી જમીન છે. પ્રતિવાદીઓ તરીકે વાદીઓના કુટુંબી છે. પ્રતિવાદીઓના પિતા રામજીભાઈ છે. પ્લીડીંગ પરથી એક બાબત નક્કી થાય છે કે વાદી અને પ્રતિવાદીના મુળ વડીલ “દામણભાઈ” હતા. વાદી જણાવે છે કે દામનભાઈના પુત્ર વેચાતભાઈ હતા. તેમને બે દીકરા હતા. ૧.નરસિંગભાઈ અને ૨. કાળુભાઈ. વાદીના કથન પ્રમાણે દાવાવાળી જમીનના બે ભાગ પડતા એક ભાગ સરવે નં.૨૨૦/૧ વાળી જમીન નરસિંગભાઈના ભાગે આવેલ અને સરવે નં.૨૨૦/૨ વાળી જમીન કાળુભાઈ વેચાતભાઈના ભાગે આવેલ. સરવે નંબર ૨૨૦/૨ વાળી જમીન દાવાવાળી જમીન છે. પ્રતિવાદી જણાવે છે કે વેચાતભાઈને એક દીકરો હતો “ નરસિંહ ” હતો. “ નરસિંહ” ને બે દીકરા હતા “માનસિંગ” અને “ કડવાભાઈ”. વાદી જણાવે છે કે દાવાવાળી જમીનના બે ભાગ પડતા એક ભાગ સરવે નં.૨૨૦/૧ વાળી જમીન હાલના વાદીઓના વડીલ નરસિંગભાઈ વેચાતભાઈના ભાગે આવેલ અને સરવે નં.૨૨૦/૨ વાળી જમીન કાળુભાઈ વેચાતભાઈના ભાગે આવેલ. પણ પ્રતિવાદી આંક.૧૧ થી દાવા જવાબમા જણાવે છે કે દામણભાઈના ૪ પુત્રો હતા. ૧.બાબરભાઈ ૨. કાળુભાઈ ૩. ધનભાઈ અને ૪. વેચાતભાઈ. પ્રતિવાદીના આ કથન સામે વાદીની દલીલ છે કે તો પછી સરવે નં.૨૨૦ વાળી જમીનના ચાર ભાગ પડતા ! બે ભાગ કેમ પડયા ?

પ્રતિવાદીઓ એવુ જણાવે છે કે તેઓ બાબરભાઈના વંશજો છે. વિગતે બાબરભાઈ નો દીકરો હેમાભાઈ, હેમાભાઈનો દીકરો રામજીભાઈ અને રામજીભાઈના વારસો હાલના પ્રતિવાદીઓ છે. “ કાળુભાઈ ” એ “બાબરભાઈ”ના ભાઈ હતા અને તેના વારસદાર એ

ગુ.પુનાભાઈ હતા અને તેમના મરણ જવાથી તેમની ગુજરનાર વિધવા પત્ની ગંગાબેન હતા. “બાબરભાઈ”ના ભાઈ “ઘનાતભાઈ” બિન ફરજંદ મરણ ગયા છે.

હવે વાદી અને પ્રતિવાદી બન્ને એ પોતાના પૂર્વજોનુ આલેખન કરેલ છે તેમા એક ભિન્નતા જણાય છે વાદીના કથન પ્રમાણે “ કાળુભાઈ ” એ “ વેચાતભાઈ” ના પુત્ર છે. જ્યારે કે પ્રતિવાદી જણાવે છે કે “કાળુભાઈ” “ દામણભાઈ” ના પુત્ર હતા. વાદી દાવા અરજીના પેરા નં.૩ મા જણાવે છે કે “ માનસિંગ નરસિંગ” ના કાકાના દીકરા “ પુનાભાઈ કાળુભાઈ” હતા. “પુનાભાઈ”ની વિધવા પત્ની “ગંગાબેન” હતા તે બન્ને પક્ષ સ્વીકારે છે. પણ દાવા અરજીના પેરા નં.૩ વાંચવામા આવે તો લખેલ છે કે “ પરંતુ અમારા દાદી નામે ગંગાબેન પુનાભાઈ કાળુભાઈ ની વિધવા જે તે સમયે .......” આ દાવામા વાદી તરીકે ૧. “અભેસિંહ” છે, અને ૨. “મગનભાઈ” અને ૩. “સરદારસિંહ”ના વારસો છે. આ વાદીઓ ગંગાબેન ને દાદી તરીકે ઓળખાવે છે એટલે કે તે વાદી “અભેસિંહ”ના પિતા “માનસિંગ” ના પિતા “નારસિંહ”ના પત્ની થાય. પરંતુ આવુ નથી. વાદી તરીકે “અભેસિંહ” છે “માનસિંગ નરસિંગ” ના કાકાના દીકરા “ પુનાભાઈ કાળુભાઈ” હતા. એટલે કે સંબંધમા “પુનાભાઈ” “અભેસિંહ” ના કાકા થાય અને ગંગાબેન “અભેસિંહ”ના કાકી થાય.

હવે સરવે નં.૨૨૦/૨ વાળી જમીન કાળુભાઈ વેચાતભાઈના ભાગે આવેલ. આવુ વાદી જણાવે છે પણ પ્રતિવાદી પણ એવુ જ જણાવે છે પણ પ્રતિવાદીનુ કથન છે કે કાળુભાઈ દામણભાઈના પુત્ર હતા. એટલે કે અહી વંશાવલી બાબતે વિરોધાભાસ છે વાદીઓએ આંક.૧૮ થી પેઢીનામુ રજુ કરેલ છે પ્રતિવાદીઓએ દાવા જવાબમા આંક.૧૧ મા જ જણાવી દીધેલ છે કે સાચા વારસો છુપાવેલ છે અને ખોટુ પેઢીનામુ રજુ કરેલ છે. આ આંક.૧૮ તલાટી કમ મંત્રી વાઘજીપુર ગ્રામ પંચાયતે પોતાના સહી સિક્કાથી આપેલ છે.

પણ પ્રતિવાદી જણાવે છે કે નારસિંહ ભાઈને બે પુત્ર હતા "માનસિંગ" અને "કડવાભાઈ". આ "કડવાભાઈ" બાબતે આંક.૧૮ મા કઈ જણાવેલ નથી.

હવે વાદીઓ પૈકી "મહેન્દ્ર" જે "સમરસિંહ"ના પુત્ર છે તેમણે આંક.૧૬ થી સોગંદ પર જુબાની આપેલ છે તેમા જણાવે છે કે દામણભાઈ તેના દાદા થતા હતા. દામણભાઈને ૪ દીકરા હતા તેનો ઈન્કાર કરે છે. આગળ જણાવે છે કે વેચાત દામણને બે દીકરા નરસિંગ અને કાળુ. "કડવાભાઈ" "માનસિંગ"ના ભાઈ છે. વાદી પોતે સ્વીકારે છે કે કડવાભાઈના વારસદારો આ કામે જોડલા નથી. પ્રતિવાદીએ એવી પણ દલીલ કરેલ છે કે આ કડવાભાઈને આંક.૧૮ વાળા પેઢીનામામા પણ બતાવેલ નથી.

આ વાદી એવુ જણાવે છે કે હાલના પ્રતિવાદીઓ વેચાતભાઈના વારસદારો છે. પણ સ્વયં વાદીએ જે વંશાવલી મૌખિકમા જણાવેલ છે તેના આધારે હાલના પ્રતિવાદી વેચાતભાઈના વારસો છે તે કથન સાચુ નથી. આ વાદી જણાવે છે કે બાઈ ગંગા એ પુના કાળુની વિધવા છે. આવુ જ પ્રતિવાદી પણ જણાવે છે. આ વાદી "કાળુભાઈ" એ "વેચાતભાઈ" નો ભાઈ થાય છે તેવા પ્રતિવાદીના કથનનો ઈન્કાર કરે છે.

આંક.૧૬ થી વાદી ઉલટતપાસમા જણાવે છે કે સરવે નં.૨૨૦/૨ મા હાલ ગંગાબેન તે પુનાભાઈની વિધવાનુ નામ ચાલે છે. પ્રતિવાદીએ આંક.૩૩ થી સરવે નં.૨૨૦/૨ ના ૭/૧૨ રજુ કરેલ છે. તે વાંચતા આ કથન સાચુ છે. આજ સરખામણી મા આંક.૨૦ થી વાદીએ રજુ કરેલ દસ્તાવેજ સરવે નં.૨૨૦ ના હીસ્સા નં.૨ ના ગામ નમુના નં.૭, ૭–અ અને ૧૨ છે તે પણ અગત્યના છે. વાદીએ પોતાની દલીલોમા આ દસ્તાવેજ પર ખુબ ભાર મુકેલ છે અને જણાવે છે કે સને ૧૯૪૮–૪૯ થી ૨૦૦૩–૦૪ સુધી આ સ.નં.૨૨૦/૨ અમારો કબજો લખેલ છે અને અમો વાદીઓ આ જમીન ખેડીએ છીએ.

પરંતુ અહી એક બાબત નોંધપાત્ર છે કે આ આંક.૨૦ મા “કબજેદાર:-બાઈ ગંગા, પુના કાળુની વિધવા ઓરત” એવુ લખેલ છે અને નોંધ નં.૧૩૧ છે. આ નોંધ નંબર પ્રતિવાદીએ આંક.૩૩ થી સરવે નં.૨૨૦/૨ ના ૭/૧૨ રજુ કરેલ છે તેમા પણ લખેલ છે.

હવે સ્થિતી એવી થાય છે કે વાદીઓએ પોતાની દાવા અરજીમા નોંધ નં.૩૯૯૦ નો ઉલ્લેખ કરેલ છે. આ નોંધ નંબર પણ પ્રતિવાદીએ આંક.૩૩ થી સરવે નં.૨૨૦/૨ ના ૭/૧૨ રજુ કરેલ છે તેમા લખેલ છે તેનો દરજ્જો “નામંજુર” લખેલ છે. આ નોંધ આંક.૨૩ થી વાદીએ રજુ કરેલ છે. આ નોંધ રદ થઈ છે અને તે પ્રતિવાદી નં.૬ એ વાદી તરફે કરવામા આવેલ ઉલટતપાસમા સ્વીકારેલ છે. આ રેકર્ડ પરની હકીકત છે. એટલે કે જે બાબત વાદીઓના કથન પ્રમાણે તેમની વિરૂધ્ધ બનતી હતી તે અહીથી અટકી ગઈ.

તો, વાદીઓએ આ દાવો શા માટે કરવો પડેલ છે? એટલે કે દાવાનુ કારણ શું ? તે પેરા નં૭ મા જણાવે છે કે “......તેઓએ જણાવેલ કે તમારા કીસ્સામા ગુજરનારના કાયદેસરસના વારસો કોણ છે તે અંગે તકરાર ચાલતી હોય...”અને દાદ મા વાદીઓએ પેરા નં.૯ (અ)મા સરવે નં.૨૨૦/૨ મા પ્રતિવાદીઓનો કોઈ લાગભાગ હક હીસ્સો અલાખો નથી તેવુ ઠરાવવા, હાલના કબજેદારનુ નામ કમી કરી વાદીઓના નામ માલીકી વારસાઈ હક્કે દાખલ લેવા તેવો હુકમ કરવા દાદ માગી છે અને પ્રતિવાદીઓ વિરૂધ્ધ સરવે નં.૨૨૦/૨ મા કાયમી મનાઈ હુકમ માગેલ છે.

હવે ગંગાબેન તે પુનાભાઈની વિધવા તા.૯-૨-૧૯૭૫ ના રોજ મરણ ગયા છે. નોંધ નં.૩૩૯૦ તા.૫-૮-૨૦૨૨ ના રોજ નામંજુર થઈ, અપીલમા પણ નોંધ નામંજુર થઈ તે હુકમી નોંધ આંક.૨૪ થી વાદીઓએ રજુ કરેલ છે.

વાદીઓએ પોતે દાવાવાળી જમીનમા પોતાના નામ વારસાઈ હક્કે માલીકી અને કબજેદાર તરીકે દાખલ થવા કોઈ રેવન્યુ રાહે કાર્યવાહી કરેલ હોય અને તે નામંજુર થયેલ હોય તેવુ બનેલ નથી. વાદીઓ એવુ જણાવે છે કે “કબજેદાર:-બાઈ ગંગા, પુના કાળુની

વિધવા ઓરત" કૌટુંબિક દાદી થતા હોઈ વાદીઓનો વારસાઈ હક્કે માલીક અને કબજેદાર તરીકે નામ દાખલ થવા પાત્ર છે.

વાદીઓએ બે કથન કરેલ છે. **૧.** દાવાવાળી જમીનમા સને ૧૯૪૮–૪૯ થી નમુના નં.૧૨ મા તેમનુ નામ ચાલતુ હતુ અને **૨.** "કબજેદાર:–બાઈ ગંગા, પુના કાળુની વિધવા ઓરત"ના મરણ ગયા બાદ વારસાઈ હકે વાદીઓના નામ પાણીપત્રકમા ચાલે છે.

પરંતુ વાદીઓએ જ રજુ કરેલ આંક.૨૦ વાંચવામા આવે તો કબજેદારમા ગંગાબેન તે પુનાભાઈની વિધવાનુ નામ લખેલ છે, વાદીઓના કે તેમના પૂર્વજોના નામ લખેલ નથી. બીજી હકીકત એવી છે કે ગંગાબેન તે પુનાભાઈની વિધવા તા.૯–૨–૧૯૭૫ ના રોજ મરણ ગયા છે.એટલે કે ૧૯૭૪–૭૫ ની સાલથી વાદીઓના નામ વારસાઈ હક્કે ચાલતા થયા હોય તો એવી રેવન્યુ નોંધ હોય અને તે સાલથી કબજેદારમા વાદીઓના કે તેમના પૂર્વજોના નામ ચાલતા થાય પણ આવી કોઈ રેવન્યુ નોંધ કે પાણીપત્રક વાદીઓએ રજુ કરેલ નથી.

કોઈ જમીનની માલીકી સાબિત કરવા દાવેદાર પાસે કાયદેસરનો દસ્તાવેજ હોય તે જરૂરી છે. ઉદાહારણ તરીકે વેચાણ દસ્તાવેજ, ગીરો કરાર, લીઝનો દસ્તાવેજ,બક્ષિક્ષ કરાર કે અદલાબદલીનો કરાર. કારણકે વિરૂધ્ધના કબજા સિવાય કોઈ પણ વ્યક્તિ ગેદરકાયદે કોઈ પણ જમીનનો માલીક થઈ શકે નહી તેવી સ્થિતીને કાયદામા અપરાધ ગણવામા આવે છે. વાદીઓ દાવાવાળી જમીનના વિરૂધ્ધ કબજાની રૂએ માલીક બનેલ છે તેવુ તેમનુ પ્લીડીંગ નથી. આથી વાદીઓ દાવાવાળી જમીનના વસિયતી કે બિનવસીયતી રીતે માલીક બનેલા હોવા જોઈએ પરંતુ વાદીઓ વસિયતી રીતે દાવાવાળી જમીનના માલીક બનેલ હોય તેવુ પણ તેમનુ પ્લીડીંગ નથી. આથી વારસાઈ રીતે માલીકી હક્ક સાબિત થાય છે કે કેમ તેની ચર્ચા કરવામા આવે તો આંક.૩૭ વાળા વીલ થી દાવાવાળી જમીનનુ પ્રતિવાદીઓના પુર્વજ રામજીભાઈની તરફેણમા વીલ કરેલ છે અને મુદ્દા નં.૩ મા

કરવામા આવેલ ચર્ચા પ્રમાણે આ વીલ આ કોર્ટ સાચુ માને છે. આથી વાદીઓ વારસાઈ હકે વાદીઓ દાવાવાળી જમીનના માલીક બને છે તેવુ સાબિત થતુ નથી આથી મુદ્દા નં.૧ નો જવાબ નકારમા આપવામા આવે છે. દાવાવાળી જમીનના સને ૨૦૦૩–૦૪ પછીના કોઈ રેવન્યુ રેકડ વાદીઓએ રજુ કરેલ નથી. આંક.૨૧ થી દાવાવાળી જમીનના તા.૨૭–૬–૨૦૨૩ ની સ્થિતીના રેવન્યુ રેકડ રજુ કરેલ છે તેમા વાદીઓનુ નામ કબજેદારમા પણ નથી અને બીજા હકોમા પણ નથી. આજ આંક.૨૧ મા ગામ નમુના નં.૧૨ જોવામા આવે તો વર્ષ ૨૦૨૧–૨૨ થી ૨૦૨૩–૨૪ મા મોટે ભાગે જમીન પડતર રહેલ છે અને દાવાવાળી જમીન સને ૨૦૦૩–૦૪ થી તા.૨૭–૬–૨૦૨૩ ની સ્થિતી સુધી વાદીઓના ખુલ્લા અને પ્રત્યક્ષ કબજા ભોગવટામા હતી તેવા કોઈ પુરાવા પણ રજુ કરેલ નથી. આથી વાદીઓ મુદ્દા નં.૨ પણ સાબિત કરી શકેલ નથી આથી તેનો જવાબ નકારમા આપવામા આવે છે.

**૩. શું પ્રતિવાદીઓ સાબિત કરે છે કે દાવાવાળી જમીનમા તેમનો હક હીસ્સો પોષાય છે?**

---

જમીનમા હક હીસ્સો કોઈ દસ્તાવેજથી પોષાતો હોય અથવા કાયદાની સ્પષ્ટ જોગવાઈથી પોષાતો હોય દા.ત.હિંદુ લૉ પ્રમાણે પિતાની મિલકતમા પુત્રનો જન્મથી હક પોષાતો હોય છે.

અહી પ્રતિવાદીઓ રામજીભાઈના વારસો છે. રામજીભાઈને દાવાવાળી મિલકત વીલથી બાઈ ગંગાબાઈએ આપેલ છે. ગંગાબેન તે પુનાભાઈની વિધવા છે અને તે તા.૯–૨–૧૯૭૫ ના રોજ મરણ ગયા છે. પ્રતિવાદીઓએ આંક.૩૭ થી “ગંગા પુના કાળુની વિધવા” નુ વીલ રજુ કરેલ છે. આ વીલ અસલ રજુ કરેલ છે.

ઈન્ડીઅન સક્સેશન એક્ટની કલમ ૧૯૨૫ ની કલમ ૨(એચ)મા વસિયતની વ્યાખ્યા આપવામા આવે છે તે આ પ્રમાણે છે. ***" "will" means the legal declaration of the intention of a testator with respect to his property which he desires to be***

***carried into effect after his death."*** વીલ એટલે કે વસિયત મુળભુત રીતે એક જિવંત વ્યક્તિની, તેની મિલકતો બાબતે તેના ઈરાદાની કાયદેસરની ઉદ્‌ઘોષણા છે કે જે તેના મરણબાદ અમલમા આવે તેવુ ઈચ્છે છે. આ કામે પક્ષકારો હિંદુ ધર્મના છે અને આવુ વીલ કરી આપેલ છે તે પ્રતિવાદીઓએ આંક.૧૧ થી દાવા જવાબના પેરા નં.૮ મા અને પ્રતિવાદીઓ તરફે આંક.૨૯ થી પ્રતિવાદી નં.૬ એ સોગંદ પર જુબાની આપેલ છે તેમા જણાવેલ છે.

અહી અમુક બાબતો મહત્વની છે. પહેલી– વાદીઓએ દાવા અરજીમા જ જણાવેલ છે કે પ્રતિવાદીઓએ પોતાના નામ દાવાવાળી જમીનમા દાખલ થાય તે માટે ખોટા દસ્તાવેજો ઉભા કરેલ છે. પણ વાદીઓ એવુ નથી કહેતા કે પ્રતિવાદીઓએ એક કહેવાતુ બનાવટી વીલ પણ ઉભુ કરેલ છે, આવા કહેવાતુ વીલ રદ કરવા દાદ માગી નથી કે તે વાદીઓને અસરકરતુ નથી તેવુ વિજ્ઞાપન માગેલ નથી. બીજી – આંક.૨૯ થી પ્રતિવાદીએ સોગંદ પર જુબાની આપેલ છે તેમા ગંગાબાઈએ વીલ કરી આપેલ તેનો ઉલ્લેખ કરેલ છે પણ વાદીએ આ પ્રતિવાદીઓની લંબાણસહ ઉલટતપાસ કરેલ છે તેમા ક્યાય વીલને પડકારેલ નથી. પણ આ પ્રતિવાદી ઉલટતપાસમા એ હકીકત સ્વીકારે છે કે આ વીલના આધારે પ્રોબેટ સર્ટી મેળવવા અરજી કરેલ તે પરત ખેંચેલ હતી. આ પ્રતિવાદીને એવુ પુછવામા આવેલ કે " કેમ વિડ્રો કરેલ ?" તેનો આ પ્રતિવાદી જવાબ આપેલ છે પણ તે સવાલથી સાવ અસંગત જવાબ આપેલ છે.

હવે વાદીઓએ પોતાની દલીલમા ગંગાબાઈ દાવાવાળી મિલકતનુ વીલ કરી ના શકે તેવી દલીલ કરેલ છે એટલે કે ગંગાબાઈને દાવાવાળી મિલકતનુ વીલ કરવાનો અધિકાર ન હતો તેવુ જણાવે છે. આ બાબતે આંક.૨૯ પ્રતિવાદીની ઉલટતપાસ કરેલ છે તે વાંચવામા આવે તો તેમા આ પ્રતિવાદી એટલે કે બારીઆ હસમુખભાઈ " રામજીભાઈ"નો પુત્ર છે તે સ્વીકારે છે કે "પુના કાળુની પત્નીનુ નામ ગંગાબેન હતુ." આ ગંગાબેનએ આંક.૩૭ વાળુ

વીલ કરેલ છે. આ પ્રતિવાદી એવુ પણ સ્વીકારે છે કે "પુના કાળુ મરણ ગયા એટલે વારસાઈ હકે તેમની પત્નીનુ નામ દાખલ થયેલ". " ગંગાબાઈએ ગોધરા તાલુકાના બખ્ખર ગામના હેમાભાઈ બાબરભાઈ સાથે પુન:લગ્ન કરેલ" તે કથન નકારી કાઢે છે. આંક.૩૭ વાળુ વીલ સને ૧૯૪૨ મા તૈયાર કરવામા આવેલ છે. આ દાવો સને ૨૦૨૪ મા દાખલ કરવામા આવેલ છે અને પ્રતિવાદીએ જ આ અસલ વીલ રજુ કરેલ છે આ વીલ પ્રતિવાદીની કસ્ટડીમા ન હતુ તેવુ વાદીએ સાબિત કરેલ નથી માટે એવુ સાબિત થાય છે કે આ વીલ પ્રોપર કસ્ટડીમાથી આવેલ છે. પ્રતિવાદીઓએ વીલના સાક્ષી તપાસેલ નથી પણ આ વીલ અસલ રજુ છે અને ૩૦ વર્ષ કરતા વધારે જુનો દસ્તાવેજ છે આથી ભારતીય પુરાવા અધિ.ની કલમ ૯૦ પ્રમાણે આ કોર્ટ તે સાચુ હોવાનુ અનુમાન કરે છે. આ વીલ સને ૧૯૪૨ મા તૈયાર કરવામા આવેલ છે અને બાઈ ગંગા સને ૧૯૭૫ મા મરણ ગયા છે. અહીથી મહત્વની બાબત શરૂ થાય છે. સને ૧૯૭૫ મા બાઈ ગંગા મરણ ગયા અને પછી છેક સને ૨૦૨૨ મા એટલે કે ૪૭ વરસના લાંબા ગાળા બાદ તેમના વારસોએ વારસાઈ નોંધ કરાવી અને તે પણ નામંજુર થઈ. બીજા શબ્દોમા એવુ કહી શકાય કે ૪૭ વરસ સુધી આ પ્રતિવાદીઓએ કોઈ પ્રયાસ કરેલ નહી. પ્રતિવાદી નં.૬ એ સોગંદ પર જુબાની આપેલ છે તેમા ઉલટતપાસમા પણ આ હકીકત સ્વીકારેલ છે. પરંતુ આંક.૩૭ વાળુ વીલ આ કોર્ટ ભારતીય પુરાવા અધિ.ની કલમ ૯૦ પ્રમાણે આ કોર્ટ તે સાચુ હોવાનુ અનુમાન કરે છે અને અહી એક બાબત એ પણ નોંધવામા આવે છે કે વાદીઓએ એવુ સ્થાપિત કરવા પ્રયાસ કરેલ છે કે ગંગાબાઈએ વિધવા થયા પછી પુન:લગ્ન કરેલ આથી તેમની પાસે વારસાઈ હક્કે કોઈ મિલકત રહી ગણાય નહી.

પરંતુ અહી **૨** દરજ્જાનો અભ્યાસ કરવો જરૂરી છે. **૧. વિધવા સ્ત્રી** અને **૨. પુન: લગ્ન.** ગંગાબાઈએ પુન:લગ્ન કરેલ તેવુ વાદી સાબિત કરી શકેલ નથી. આથી ગંગાબાઈ વિધવા સ્ત્રી રહેલ તેવુ જ સાબિત થાય છે. પ્રતિવાદીએ ઉલટતપાસમા જણાવ્યુ એ

પ્રમાણે "પુના કાળુ મરણ ગયા એટલે વારસાઈ હકે તેમની પત્નીનુ નામ દાખલ થયેલ". તો આ તબક્કે "હિંદુ સક્સેશન એક્ટ ૧૯૫૬" ની કલમ ૧૪ નો પણ અભ્યાસ જરૂરી છે તેમા જણાવેલ છે કે **"any property possessed by a female hindu, whether acquired before or afrer the commencement of this Act, shall be held by as full owner and not as a limited owner."** તે સંજોગોમા ગંગાબાઇને દાવાવાળી મિલકત નુ વીલ કરવાનો અધિકાર હતો તેવુ પણ સાબિત થાય છે આથી પ્રતિવાદીઓ આ મુદ્દો હકારમા સાબિત કરે છે.

**૪. શું વાદીઓ સાબિત કરે છે કે તે દાવા અરજીમા માગેલ દાદ મેળવવા હકદાર છે?**

-----------------------------------------------

આ કામે વાદીઓ દાવાવાળી જમીન વાદીઓની માલીકીની આવેલ છે તેવુ સાબિત કરી શકેલ નથી અને દાવાવાળી જમીન વાદીઓના ખુલ્લા અને પ્રત્યક્ષ કબજા ભોગવટામા આવેલી છે તેવુ પણ સાબિત કરી શકેલ નથી માટે વાદીઓ દાવા અરજીમા માગેલ દાદ મેળવવા હકદાર થતા નથી. આથી આ મુદ્દા નો જવાબ નકારમા આપવામા આવે છે અને મુદ્દા નં.૫ પરત્વે નીચે પ્રમાણે હુકમ કરવામા આવે છે.

# –:: હુકમ :: –

**૧)** વાદીનો દાવો રદ કરવામાં આવે છે.
**૨)** ખર્ચ અંગે કોઈ હુકમ નથી. **૩)** હુકમ મુજબ હુકમનામુ દોરવું.

હુકમ આજરોજ તારીખ વીસમી એપ્રિલ સને બે હજાર છવ્વીસમાં ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા : ૨૦–૪–૨૦૨૬
સ્થળ:– શહેરા

**( મલય વિભાકર ચોકસી )**
અધિક સિનીયર સિવીલ જજ, શહેરા.
**U.I.C. NO.GJ00831**